# 'પુનશ્ચ'માં વિલંબિત તર્કગ્રથિત કાવ્યસર્જન | રાધેશ્યામ શર્મા

[**પુનશ્ચ :** લેખક : નિરંજન ભગત, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ૧લી આવૃત્તિ ૨૦૦૭, પૃ. ૬૪, કિં. : રૂ. ૪૫/-]

કવિ શ્રી નિરંજન ભગતની કવિતાકળાનો આલેખ ૧૯૪૯થી ૧૯૫૯ સુધી 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો'માં ઊંચો જતો જોયો છે. ૧૯૭૩માં 'છંદોલય' કાવ્યસંચય બીજી વાર પ્રકટ થયો ત્યારે 'સમગ્ર કવિતા'ના સ્વરૂપે ઝળકેલો. ૧૯૫૮ પછી ત્રણ કાવ્યોના અપવાદ સિવાય આશરે ચાર દસકાનો કાળ ('વેસ્ટ લેન્ડ' સમો ?) શુષ્ક સમય વીત્યો. નિરંજન, રાજશેખરે કહેલ એવા 'હૃદયકવિ' બની રહ્યા. સર્જનમાં મૌન સેવન દીર્ઘકાલીન રહ્યું પણ તે કાષ્ઠમૌન નહોતું. આંતરિક સર્જનપ્રક્રિયા મૌન સમયે પણ મુખર હતી.

હવે તેઓ ૬૦ કાવ્યકૃતિઓ સાથે ૪૦ જેટલાં વરસે 'પુનશ્ચ' લઈ આવે છે ત્યારે પેલી પ્રસિદ્ધ કથાત્મક ઉક્તિ સાંભરે. બાર વર્ષે બાવા બોલ્યા, તો શું બોલ્યા ? 'બચ્ચા, કાલ પડેગા !' 'પુનશ્ચ'માં કાવ્યસર્જનનો સુકાળ છે કે દુષ્કાળ ?

કેફિયત જેવા નિવેદનમાં કવિએ જ નિષ્કર્ષ-નિદાન અર્પવાનું માથે લીધું છે :

''આમ, 'પુનશ્ચ'માં શૈલીસ્વરૂપ અને વસ્તુવિષય બન્નેના સંદર્ભમાં મારા પૂર્વેના સૌ કાવ્યસંગ્રહોમાં જે કાવ્યો છે તથા ગુજરાતી ભાષામાં અર્વાચીન યુગમાં પ્રેમ અને મૈત્રીનાં જે કાવ્યો છે એ કાવ્યોથી કંઈક જુદું, કંઈક નવું નીપજી આવ્યું છે.''

કવિએ 'પ્રવાલદ્વીપ'ની સ્મરણીય સિદ્ધિ પછી વિસ્મયદર્શનની અભિવ્યક્તિરૂપ આગામી 'પક્ષીદ્વીપ' વિશે પણ સ્પષ્ટદઢ – જાહેરાત સાથે – આગાહી કરી છે : 'પ્રવાલદ્વીપ'થી કંઈક જુદું, કંઈક નવું નીપજી આવશે એવી આશા છે. સર્જક સાથે ભાવકની આશા પણ અમર છે.

કંઈક જુદું, કંઈક નવું 'પુનશ્ચ'માં પ્રેમ અને મૈત્રી-કાવ્યોમાં કવિએ કહ્યું છે તેમ, કદાચ શૈલીસ્વરૂપમાં શોધવાથી જડે પણ વસ્તુવિષયમાં ઓછું મળે. પ્રેમ એ એવો શાશ્વત વિષય છે, મૈત્રી એ એવો સનાતન સંબંધ છે કે અત્યાર સુધીની ગુર્જરગિરાયાત્રામાં એ, જે તે કવિની કૃતિઓમાં પોતાની જુદી અને નવી રીતિએ ના લહેરાયો હોય એવું ભાગ્યે જ બને. રહી 'શૈલીસ્વરૂપ'ની વાત. તો પ્રશ્ન થાય કે શૈલી અને સ્વરૂપ એ બે વસ શું તદ્દન એક જ છે ? પરંતુ ભગતસાહેબ જેવા શૈલી (સ્ટાઇલ) અને સ્વરૂપ (ફૉર્મ)નો એક જ શબ્દ લેખે 'સમાસ' કરે છે. 'સંધિ' કરે છે તે સાંધાથીગડા જેવું વધુ લાગે ! સ્વરૂપમાં શૈલી સમાવિષ્ટ નથી ? શૈલીમાં સમસ્ત સ્વરૂપ આવી રહ્યું એમ કહેવાશે ? જોકે, વસ્તુવિષય યા વિષયવસ્તુ-પ્રયોગ નિર્વાહ્ય ગણાય.

પણ આપણે તો મમમમ સાથે કામ, ટપટપ સાથે નહીં. ઉમાશંકર ચોંપથી, વાત્સલ્યથી નિરંજનને પૂછતા, 'કંઈ લખાયું છે ?' અપરાધભાવે ભગત 'ના' શબ્દ આપતા, તો ઉમાશંકર એમની વ્યંજનામાં કહેતા, 'ભલે તો આપણાથી ઓછા લાપરવા લોકો લખશે.' હવે 'પુનશ્ચ'પૂર્વક કવિ કહી શકે છે ઉમાશંકરને, 'જુઓ લખાયું છે લ્યો આ રહ્યું'...

ભલે અહીં 'શિથિલ તાલ'માં પણ આત્મલક્ષી લયમાં વનવેલી પ્રકારે કૃતિઓ વહી છે. કૃતિઓ પ્રેમ-મૈત્રી જેવા વિષયોને લઈ આવી છે પણ એનો ઊર્મિકાવ્યો કરતાં વિચારોર્મિ કે તર્કપ્રેરિત કાવ્યોના નિધિ લેખે આસ્વાદ અધિક મળે છે.

સ્ત્રી-પુરુષની પ્રેમાભિવ્યક્તિ સંવાદોમાં સુપેરે, બોલચાલની છટામાં સંભવી છે. આને સંવાદ-નાટ્ય યા નાટ્ય-સંવાદ તરીકે માણી શકાય. સ્ત્રીના પાત્રને પુરુષ-નાયક 'તું'કારથી નથી સંબોધતો (આત્મીયતા ઓછી નહીં હોય તોયે ?), 'તમે' કહી ઉદ્બોધે છે એમાં નાગરિક આભિજાત્ય અનુભવાય.

'આશ્ચર્ય' રચનામાં સ્ત્રી આશ્ચર્ય શું એવો પ્રશ્ન કરે છે, પુરુષ કેટલાક કોન્ટ્રાસ્ટ ગણાવે છે તોયે સ્ત્રી પૂછવાનું ચાલુ રાખે છે, 'એ આશ્ચર્ય વિશે પણ આશ્ચર્ય થાય છે તે શા માટે ?' તો છેલ્લે પુરુષ કહી દે છે : ના, એનો ઉત્તર નથી. છે માત્ર આશ્ચર્ય.' (પૃ. ૫) કૃતિનું સંરચન કેવળ તર્ક પર નખશિખ થયું છે અને જ્યાં ઉત્તર નથી ત્યાં તર્કનો અન્ત આશ્ચર્ય નિષ્પન્ન કરે – એવો ધ્વનિ વ્યંજિત છે.

'સૌંદર્ય અને સત્ય' (પૃ. ૧૪) રિલ્કેની રગમાં રચાઈ હોવાનો સુખદ સંદેહ પડે છે. 'ચાલો દૂર દૂર...'ની પુરુષઉક્તિમાં, નાયિકા સ્ત્રી પણ બૉદલેરનું કાવ્ય 'યાત્રાનું નિમંત્રણ' વાંચી રાચતી જોવા મળે છે. (પૃ. ૧૬) 'મુક્તિ'માં પંક્તિ છે 'સ્મરણમાં છેને મીરાં આ ઉક્તિ ?' (પૃ. ૨૮) આમ નાયિકાઓ સ્વમાની, શિક્ષિત, કર્તા કહે છે તેમ 'સુસંસ્કારી' હોવાથી વિવાદને બદલે નાગરિક- સંવાદમાં સંકળાય છે.

'મારા પ્રેમમાં' કૃતિ સંચયની, નિરંજનીય શૈલીમાં ફ્રેમ થયેલી વિશિષ્ટ કવિતા છે :

**મારા પ્રેમમાં છે મધ્ય સમુદ્રના વમળની વક્ર ગતિ,**
**એથી એમાં નથી કોઈ તટ પ્રતિ રતિ,**

(અહીં કવિનું પ્રાસાનુપ્રાસ કૌશલ્ય ખીલ્યું, ખૂલ્યું છે)

S

**મારો પ્રેમ સમુદ્રતલે વિરમી જશે ?**
**ને અનંત મૌનમાં, મૃત્યુમાં શમી જશે ? (પૃ. ૨૨)**

'વિરહ' (પૃ. ૩૬) અને 'મિલન' (પૃ. ૩૭)માં પણ મૌન આમ વારેવારે વિલસ્યું છે, 'બસ માત્ર બે જ શબ્દો ને વર્ષોનું મૌન ભાંગી જાય', 'વર્ષોથી આપણે તો માત્ર મૌન જ ધર્યું...'

'આ મારી જાતનું શું કરીશ ?' (પૃ. ૨૫)માં જે એકાન્ત અને એકલતાને વરવાની મનીષા છે તે પૃ. ૫૧ પર 'એકાન્ત અને એકલતા'માં પુનશ્ચ સર્જનાત્મક રૂપે નીખરી છે : 'માન્યું કે હવે બન્ને બે જલબિંદુની જેમ પરસ્પરમાં ભળી જશે, પછી કદી છૂટાં ન થાય એમ એકમેકમાં છેક મળી જશે...' 'અને હવે છે એટલાં એકલાં ન'તાં.' લોન્લીનેસ અને એલોનનેસ વચ્ચેની વ્યાવર્તક ભેદરેખા અહીં સ્ફુટ થઈ છે. 'સર્પ ? કે રજ્જુ ? કે બન્ને ?'માં રાજારાવની 'સર્પન્ટ ઍન્ડ ધ રોપ' અને વેદાન્તના સર્પ-રજ્જુન્યાયનો સમન્વય, નાયિકાના ચુંબનપ્રદાનના સંદર્ભે વિલક્ષણ રીતિથી થયો છે. નાયિકા અહીં પુરુષનાયકને પૂછે છે :

**'મારા પ્રેમમાં વિલંબિત લય છે,**
**એનો તમને ભય છે ?'**

બરાબર એ જ પ્રશ્ન 'મારા પ્રેમમાં' રચનામાંય અક્ષરશઃ પુછાયો છે. અન્ય સ્વપ્નો ભલે ન ફળ્યાં, પણ મિત્રો મળ્યાની કૃતજ્ઞતા એલિયટની યાદ આપે એવી સ્ફટિક પંક્તિમાં કંડારાઈ છે : 'એથી જ મારા કેલેન્ડરમાં દેવો અને ગ્રહોનાં નામ પરથી નહિ, મિત્રોનાં નામ પરથી વાર

ને મહિનાનાં નામ છે.' (પૃ. ૫૫), એલિયટ તો 'અંતમાં આરંભ, આરંભમાં અંત ? – આપણું આ આયુ નથી કેં અનંત'માં પણ ચમક્યા છે. (પૃ. ૩૨)

મૌનની માફક મૃત્યુને, શૂન્યત્વ અને પૂર્ણત્વના મુખોમુખ દર્શાવીને અન્તે પૂર્ણત્વનો મહિમા પરોક્ષ પ્રશ્નમુદ્રામાં સ્વીકાર્યો છે : 'કંઈ જ નહિ ? શૂન્યત્વ ? કે પંચમહાભૂતનું પંચમહાભૂતમાં પૂર્ણત્વ ?' છેલ્લે 'પ્રતીક્ષા'માં સ્વજન-મૃત્યુસંબંધે અવઢવ સાથે તિતિક્ષાનો જાતસ્વીકાર વિધાનને પણ વેધક નિર્મી શક્યો છે :

**ભલે ! તો હજુય તે જીવ્યા કરું, કરી રહું તિતિક્ષા;**
**ભલે ! તો આયુષ્યના અંત લગી કરી રહું પ્રતીક્ષા.' (પૃ. ૬૪)**

લેવિસ કેરોલની કૃતિમાં એક જુવાનડો ફાધર વિલિયમને ટકોર કરે છે, તમારે માથે ધોળા આવી ગયા તોય શા માટે ઊંધા પડી વારેવારે શીર્ષાસન કરો છો ? આ વયે આમ કરવું યોગ્ય છે ? ત્યારે ફાધરે જવાબ આપ્યો : 'મારી જુવાનીમાં ઊંધા પડવાથી મગજને હાનિ થવાનો ભય હતો, પણ મને હવે પાકી ખાતરી છે કે મારે મગજ જેવું જ કંઈ રહ્યું નથી તેથી 'આઇ ડુ ઇટ અગેઇન ઍન્ડ અગેઇન...'

પરંતુ 'પુનશ્ચ' વાંચતાં ભગતસાહેબનું મગજ, લયાન્વિત કાવ્યબાની અને તર્કગ્રથિત ભાષાકર્મ પૂર્વે હતાં તેવાં જ ગતિશીલ છે. 'પ્રવાલદ્વીપ'ની પેઠે 'પક્ષીદ્વીપ'ની પ્રતીક્ષા કરવા મારા જેવા ભાવકો આતુર છે, પુનરપિ...

r